# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-11-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. રોજગારી , ગ્રામિણ વિકાસ અને સુસાશન જેવા વિષયોની ચર્ચા માટે સોમનાથ ખાતે રાજ્ય સરકારની 11મી ચિંતન શિબિરનો આરંભ થયો
2. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતોના ૬૦ હજાર એકરના રવિપાક વાવેતરની સિંચાઈ માટે નર્મદાનું પાણી અપાશે..
3. શિયાળામાં ખાનગી શાળાના સંચાલકો વિદ્યાર્થીઓને ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા દબાણ કરી શકશે નહિ તેવી રાજ્ય શિક્ષણ મંત્રીની સૂચના
4. રાજ્ય સરકારે હિન્દી ફિલ્મ “ધ સાબરમતી રિપોર્ટ” ને કરમુક્ત જાહેર કરી
5. અમદાવાદ ક્રાઇમ બ્રાંચે એક કરોડ કરતાં વધુના માદક પદાર્થ અને હથિયારો સાથે એક વ્યક્તિની ધરપકડ કરી

---------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM- CHINTAN SHIBIR

સોમનાથમાં રાજ્ય સરકારની 11મી ચિંતન શિબિરનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ચિંતન શિબિરનો આરંભ કરાવ્યો હતો..મુખ્યમંત્રી સહિત સરકારના તમામ મંત્રીઓ, સચિવો સહિત 197 શિબિરાર્થી આ ચિંતન શિબિરમાં સહભાગી બન્યા છે.

રાજ્યમાં રોજગારીની તકો, ગ્રામ્ય સ્તરે આવક વૃદ્ધિ, સરકારી યોજનાઓમાં સેચ્યુરેશન એપ્રોચ, પ્રવાસન વિકાસમાં જિલ્લાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું યોગદાન સહિતના મહત્ત્વપૂર્ણ વિષયો પર જૂથ ચર્ચા અને સામૂહિક મંથન-ચિંતન થશે.

શિબિરના આજે પ્રથમ દિવસે “યોગ-પરમ આનંદ અને સુશાસનનો રાજમાર્ગ” વિષય પર મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર હસમુખ અઢિયા દ્વારા વક્તવ્ય રજૂ કરવામાં આવી રહ્યું છે.

-----------

## NARMDA WATER FOR FARMERS

રાજ્ય સરકારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતોને રવિ પાકના વાવેતર માટે પૂરક સિંચાઈ અને પીવાના પાણી માટે નર્મદાનું કુલ ૩૦ હજાર ૫૦૪ એમ.સી.એફ.ટી. પાણી ફાળવવાનો નિર્ણય કર્યો છે. નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઈપલાઈનો મારફત ઉત્તર ગુજરાત વિસ્તાર માટે ૧૬ હજાર ૬૩૭

એમ.સી.એફ.ટી. તથા સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ૧૩ હજાર ૮૬૭ એમ.સી.એફ.ટી. મળી કુલ ૩૦ હજાર ૫૦૪ એમ.સી.એફ.ટી. નર્મદાનું પાણી તારીખ ૧૫મી માર્ચ ૨૦૨૫ સુધીના સમયગાળા માટે ફાળવાશે.

નર્મદાના આ પાણીની ફાળવણીથી ઉત્તર ગુજરાત વિસ્તારના ૯૫૨ તળાવો અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેર તથા સૌની યોજનાથી સૌરાષ્ટ્ર વિસ્તારના ૨૪૩ તળાવો અને ૧ હજાર ૮૨૦ ચેકડેમ થકી અંદાજે ૬૦ હજાર એકર ખેતીલાયક વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

-----------

## GNR CORPO GENERAL MEET

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે યોજાયેલી સામાન્ય સભામાં શહેરનાં 11 મુદ્દાઓને સર્વસંમતિથી મંજૂર કરાયા છે.

ગાંધીનગરમાં હવે ગેરકાયદે હોર્ડિંગ્સને દૂર કરાશે તેમજ અનધિકૃત રીતે હોર્ડિંગ લગાવનારા સામે કડક હાથે કામગીરી કરવા માટે નીતિ ઘડાશે. મહાનગરપાલિકાની મળેલી સામાન્ય સભામાં વિવિધ અગિયાર જેટલા મુદ્દાઓને સર્વ સંમતિથી મંજૂર કરાયા હતા. જેમાં મહાનગરપાલિકાના 266 રોજમદાર કર્મચારીઓને ઇસીએસનો લાભ, પેથાપુરમાં ધોરણ આઠના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની શાળા બનાવવા સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે તેમ ગાંધીનગરના મેયર મીરાં પટેલે જણાવ્યું હતું.

(બાઇટ- મીરાંબેન પટેલ, મેયર, ગાંધીનગર મહાનગર પાલિકા)

-----------

## ELECTION OFFICER

રાજ્ય ચૂંટણી પંચે નગરપાલિકાની આગામી સામાન્ય, મધ્યસત્ર, પેટા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુક્તિ કરી છે. નાયબ કલેક્ટર, પ્રાંત અધિકારી અને જીલ્લા સ્તરના અધિકારીઓ સહિતના 94 જેટલા અધિકારીની નિયુક્તિ કરવામાં આવી છે. જૂનાગઢની પાંચ, અમદાવાદ, વડોદરા, રાજકોટમાં ચાર ચાર નગરપાલિકા સહિતના રાજ્યની વિવિધ 94 જેટલી નગરપાલિકામાં આ અધિકારીઓને ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકેની ફરજ સોંપાઇ છે.

-----------

## EDUCATION MINISTER ON SWETER

ખાનગી શાળાના સંચાલકો શાળામાં બાળકોને શિયાળામાં ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા પર દબાણ કરી શકશે નહિ, તેમ રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લ પાનશેરીયાએ જાહેરાત કરી છે.

રાજ્ય શિક્ષણમંત્રીએ જણાવ્યું કે, તમામ જિલ્લા શિક્ષણાધિકારીને જણાવવામાં આવ્યું છે કે, કોઈ પણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પોતાના ગણવેશને અનુરૂપ પાતળું, નિમ્ન કક્ષાના કાપડ ધરાવતું સ્વેટર

પહેરવા કોઈ પણ બાળક પર દબાણ કરી શકશે નહિ. જો કોઈ શાળાના સંચાલક નિર્ધારિત સ્વેટર બાળકને પહેરવા માટે આગ્રહ કરે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે.

ખાનગી શાળાના સંચાલકોને  સૂચના આપવામાં આવી છે કે માતા પિતા પોતાના બાળકને, ઠંડીથી સુરક્ષિત રાખવા તેમની પાસે ઉપલબ્ધ કોઇ પણ સ્વેટર, ટોપી અને હાથના મોજાં પહેરાવી શકશે..

-----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## SABARMATI REPORT TAX FREE

રાજ્ય સરકારે તાજેતરમાં રજુ થયેલી હિન્દી ફિલ્મ “ધ સાબરમતી રિપોર્ટ”ને કરમુક્ત જાહેર કરી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના નેતાઓએ પીઢ અભિનેતા જિતેન્દ્ર કપૂર અને અભિનેત્રી રિદ્ધિ ડોગરા સાથે અમદાવાદના સિનેમાગૃહમાં આ ફિલ્મ નિહાળી હતી. દરમિયાન ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ માહિતી આપી હતી.

(બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

----------------------------

## AHMEDABAD - DRUGS SEIZED

અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે દાણીલીમડામાંથી 1 કરોડ 23 લાખના ડ્રગ્સ  સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. આ આરોપી પાસેથી બે પિસ્તોલ, 48 જેટલા જીવતા કારતૂસ જપ્ત કરવામા આવ્યાં છે. ક્રાઇમ બ્રાંચે આરોપીના દાણીલીમડા સ્થિત ઘરમાં તપાસ કરતાં  18 લાખથી વધુ રોકડ રકમ મળી આવી હતી.

ક્રાઇમ બ્રાંચને અગાઉ મળેલી બાતમીના આધારે શાહ આલમ વિસ્તારની એક સોસાયટીમાં દરોડા પાડતાં ડ્રગ્સ, પિસ્તોલ, કારતૂસની સાથે સાથે જીપીએસ ટ્રેકર પણ મળી આવ્યું હતું.  ક્રાઇમ બ્રાંચે છ મોબાઇલ ફોન અને ટેબ્લેટ પણ જપ્ત કરીને તેને વધુ તપાસ માટે ફોરેન્સિક લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

-----------

## CYBER CRIME ARREST

શાળા અને કોલેજની યુવતીઓને ટાર્ગેટ કરીને ઓનલાઇન વોટ્સએપ હેક કરી છેતરપીંડી આચરતા આરોપીને ઝડપી લેવાયો છે.. રાજ્ય સાયબર સેલની ટીમે મધ્યપ્રદેશના આ આરોપીની ધરપકડ કરી હતી.

આરોપીની પ્રાથમિક પૂછપરછમાં ગુજરાત સહિત વિવિધ રાજ્યોની ૧૦૦થી વધુ યુવતીઓ સાથે છેતરપિંડી આચરી હોવાનું તેણે કબૂલ્યુ હતું. આરોપીની સઘન પૂછપરછ શરૂ કરી આ ગેંગના તેના અન્ય સૂત્રધારોને પકડવા સાયબર ક્રાઇમ સેલે  તજવીજ હાથ ધરી છે. સ્ટેટ સાયબર ક્રાઇમ સેલના એસ.પી. ધર્મેન્દ્ર શર્માએ આવા  સાયબર છેતરપીંડી કરનારા તત્વોથી  સાવચેત રહેવા લોકોને અપીલ કરી હતી.

(બાઇટ- ધર્મેન્દ્ર શર્મા, એસ.પી., સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ)

-----------------------------------

## EK PAD MAA KE NAAM - HAALOL

એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત હાલોલ નગરપાલિકા અને પંચમહાલ ફોરેસ્ટ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતની નગરપાલિકાઓમાં વૃક્ષની દુર્લભ પ્રજાતિ કૃષ્ણવડ ઉગાડવાની વિશિષ્ટ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત 26મી જાન્યુઆરી સુધીમાં રાજ્યની તમામ 157 નગરપાલિકાઓમાં વૃક્ષારોપણ કરવામાં આવશે અને કૃષ્ણવડ જેવી લુપ્તપ્રાય પ્રજાતિનું સંરક્ષણ કરાશે.

ઉલ્લેખનીય છે કે આ વડમાં અનેક ઔષધિય ગુણો હોવાથી તે સ્વાસ્થ્ય માટે ખૂબ લાભદાયી છે. ચર્મ, દાંતના, પેટના  રોગો, તેમજ ડાયાબિટીસ વગેરેના નિવારણ માટે પણ આ વડ ખૂબ જ ઉપયોગી છે.

-----------

# BABA SAHEB AMBEDKAR LOAN YOJNA

રાજ્યમાં અત્યાર સુધીમાં અનુસૂચિત જાતિના ૪ હજારથી વધુ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે ૬૧૬ કરોડ રૂપિયાથી વધુની લોન મંજૂર કરાઈ છે. વર્ષ ૧૯૯૯થી કાર્યરત “ ડૉ.બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના” અંતર્ગત દેશમાં ઉજ્જવળ કારકિર્દી ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે આર્થિક રીતે મદદરૂપ થવા માત્ર 4 ટકાના વાર્ષિક વ્યાજ દરે ૧૫ લાખ રૂપિયાની લોન આપવામાં આવે છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે ૪૨૧ વિદ્યાર્થીઓને ૬૮ કરોડ રૂપિયાની લોન સહાય આપવામાં આવી છે.

કોઈ પણ આવક મર્યાદા વગર અપાતી આ લોન યોજના, મૂળ ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના ૫૦ ટકા કે વધુ માર્ક ધરાવતા વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર છે.

-----------

# NEWS IN BRIEF

## અને હવે રાજ્યના કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં....

1. તાપી જિલ્લામાં બેંક ઓફ બરોડા દ્વારા કિસાન લોન મેળામાં ૧૦.૪૬ કરોડના લોન મંજુરી પત્રો વિતરણ કરવામાં આવ્યા.
2. સુરત પાસેના કોસંબા નેશનલ હાઇવે પર થયેલ અકસ્માતમાં પાંડેસરા વીજ સબડીવીઝનના બે કર્મચારીઓના મૃત્યુ.

3. સુરેન્દ્રનગર એસ. ઓ.જી પોલીસની ટીમે સાયલા તાલુકાના નવાગામ ખાતેથી એક શખ્સને ગેરકાયદે લીલા ગાંજાના પાંચ છોડ સાથે ઝડપ્યો....
4. મહીસાગર જિલ્લાની ખાનપુર તાલુકાની અંદાજીત 21 પ્રાથમિક શાળામાં જાતિનું પ્રમાણ પત્ર ન મળે ત્યાં સુધી આદિવાસી સમાજ દ્વારા શિક્ષણ નો બહિષ્કાર..
5. મોરબીની માઈક્રો ફાયનાન્સ કંપનીની ઓફીસમાં થયેલ ૭ લાખ રૂપિયાથી વધુની ચોરી કરનાર ચાર ઇસમોની ધરપકડ...
6. કચ્છના ધોળાવીરા ખાતે આગામી ૨૫ નવેમ્બર થી ૨૯મી નવેમ્બર સુધી પ્રાકૃતિક શિક્ષણ શિબિર યોજાશે...

--------------------------------